# ભારે ગરમી વચ્ચે 19મીએ કોટ વિસ્તારમાં પાણી કાપ

**ઉમરવાડા** જળવિતરણ મથકની 1200 મીમી લાઇનમાં લીકેજ, નવાબવાડી રોડ પર લીકેજ રિપેરિંગ માટે લાઇન બંધ રહેશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા ઉમરવાડા જળવિતરણ મથકથી આવતી 1200 મીમી વ્યાસની પાણીની લાઇનમાં પડેલા લીકેજના રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આગામી 19 મેના રોજ સેન્ટ્રલ ઝોનના અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાશે.

મનપાના હાઇડ્રોલિક વિભાગના જણાવ્યા મુજબ, સહારાદરવાજા વિસ્તારમાં નવાબવાડી રોડ પરથી પસાર થતી ઉમરવાડા જળવિતરણ મથકની મુખ્ય પાણી લાઇનમાં છેલ્લા કેટલાક દિવસોથી લીકેજ થવાને કારણે પાણીનો વ્યય થતો હતો. સાથે જ સેન્ટ્રલ ઝોનના કેટલાક વિસ્તારોમાં પુરતા પ્રેશરથી પાણી નહીં મળતું હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખી મનપા દ્વારા આગામી 18 મેના રોજ સવારે 8 વાગ્યાથી લીકેજ રીપેરીંગની કામગીરી શરૂ કરવામાં આવશે. મનપાના અંદાજ મુજબ 19 મેના રોજ સવારે 11 વાગ્યા સુધીમાં કામગીરી પૂર્ણ થઈ જશે. ત્યારબાદ પાણી પુરવઠો પૂર્વવત કરવામાં આવશે. લોકોને મુશ્કેલી ન પડે તે માટે મનપાએ જરૂરીયાત મુજબ પાણીનો સંગ્રહ કરી રાખવા અપીલ કરી છે.

**પાણી પુરવઠાથી અસરગ્રસ્ત વિસ્તારો**

» બેગમપુરા » સલાબતપુરા » ગોપીપુરા » સગરામપુરા » નાનપુરા » રૂદરપુરા » સોની ફળિયા

## આ કોઈ વોલપેપર નથી, સુરતની ઢળતી સાંજનું દૃશ્ય છે...



■ સાંજ હંમેશા રણિયામણી જ હોય છે પરંતુ સુરતની સાંજનો અંદાજ કાયમ અલગ જ હોય છે. શુક્રવારની સાંજે લેવાયેલી ઉક્ત તસવીરમાં સુરતની ઢળતી સાંજનો અનોખો માહોલ કેપ્ચર થયો છે. જાણે કોઈ એક વોલપેપર હોય... (તસવીરઃ હેમંત ડેરે)

# સાવકા ભાઈએ ૮ વર્ષીય સાવકી બહેન સાથે જ અડપલાં કર્યા

**બાળકીના** રડવાનો અવાજ સાંભળી માતા દોડી આવતા સાવકો પુત્ર રંગેહાથ પકડાયો

સુરત : પાંડેસરામાં એક શ્રમજીવી પરિવારની ૮ વર્ષની માસૂમ બાળકી સાથે તેના જ ૧૭ વર્ષીય સાવકા ભાઈએ શારીરિક અડપલાં કરી દુષ્કૃત્ય કરવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, પાંડેસરા વિસ્તારમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશના શ્રમજીવી પરિવારની ૮ વર્ષની પુત્રી ગતરાત્રે આશરે ૧૦:30 વાગ્યાના અરસામાં રૂમમાં સૂતી હતી. આ દરમિયાન પરિવારનો જ ૧૭ વર્ષીય સાવકો ભાઇ તેની પાસે પહોંચ્યો હતો. તેણે માસૂમ બાળકીને નિ:વસ્ત્ર કરી તેના ગુપ્ત ભાગે અડપલાં કરવાનું શરૂ કર્યું હતું. બાળકીએ રડવાનું શરૂ કરતા તેની માતા જાગી ગઈ હતી. તેનો સાવકો પુત્ર વાંધાજનક હાલતમાં મળી આવતા તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. માતાએ મોડી રાત્રે આ મામલે પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે પતિ પત્ની બંનેના અગાઉના લગ્નના મળી કુલ છ બાળકો છે. જેમાં બાળકીની માતાના ડિવોર્સ થતા ત્રણ છોકરીઓ સાથે લાવી હતી. જ્યારે છોકરાની માતાનું મૃત્યુ થતા તેના પિતા એક બહેન સહિત ત્રણને સાથે રાખતા હતા. આમ બંને પતિ પત્નીના બીજા લગ્ન છે અને આ લગ્ન દરમિયાન તેમને કોઈ બાળક નથી.

**આરોપીની ઉંમર અંગે પોલીસ તપાસ**

આ કેસમાં ભોગ બનનાર બાળકીની માતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેની પતિની પહેલી પત્નીનો દીકરો છે. હાલમાં તેની ઉંમર 18 વર્ષ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે, પરંતુ પોલીસ આ મામલે કોઈ પણ પ્રકારની કચાસ રાખવા માંગતી નથી. આરોપી ખરેખર પુખ્ત વયનો છે કે સગીર, તે સ્પષ્ટ કરવા માટે પોલીસ તેના વતન મધ્યપ્રદેશના રતલામ જિલ્લાની શાળામાંથી લિવિંગ સર્ટિફિકેટ (LC) મંગાવવાની તજવીજ હાથ ધરી રહી છે. રતલામથી સુરત આવી મજૂરી કામ કરતા આ પરિવાર પર આભ તૂટી પડ્યું છે, કારણકે જેને રક્ષક માનતા હતા તે જ ભક્ષક સાબિત થયો છે.

# ખાડી બ્રિજનું કામ અધૂરું, ભેંસાણ વિસ્તારમાં પાણી ભરાવાની ભીતિ

**રાંદેર** ઝોનમાં બ્રિજ મુદ્દે 'કાર્યવાહી ચાલુ'ના જવાબથી પૂર્ણેશ મોદી અકળાયા

**પ્રિ-મોન્સુન** કામગીરી અને મેટ્રો અસરગ્રસ્ત ડ્રેનેજ લાઇન તાત્કાલિક સુધારવા પણ તાકીદ

સુરતઃ વર્ષો જૂના પ્રશ્નોના ઉકેલમાં વિલંબ થતો હોવાના મુદ્દે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને સુરત પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ પાલિકા તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ખાડી બ્રિજના કામમાં પાંચ વર્ષથી વિલંબ અને ભેંસાણ વિસ્તારમાં દર વર્ષે સર્જાતી જળબંબાકાર સ્થિતિ અંગે તેમણે મ્યુનિસિપલ કમિશનરને બે અલગ અલગ પત્ર લખી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ધારાસભ્યે રજૂઆતમાં જણાવ્યું છે કે, ભાઠા ગામનો જૂનો ખાડી બ્રિજ લાંબા સમયથી બંધ હાલતમાં છે. આ બ્રિજની મરામત અથવા નવો બ્રિજ બનાવવા માટે તેમણે 23 એપ્રિલ, 2026ના રોજ રજૂઆત કરી હતી. જોકે ઝોન કચેરી તરફથી 8 મેના રોજ મળેલા જવાબમાં 13 ડિસેમ્બર, 2021થી કાર્યવાહી ચાલી રહી હોવાનું જણાવાયું હતું. પાંચ વર્ષથી માત્ર 'કાર્યવાહી ચાલુ છે' જેવા જવાબો મળતા હોવા પર તેમણે આકરી નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આગામી સાત દિવસમાં બ્રિજના સમારકામ અથવા નવા બ્રિજ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવાની માંગ કરી છે. અન્ય એક રજૂઆતમાં તેમણે એલ.પી. સવાણીથી ભેંસાણ ગામ સુધીના વિસ્તારમાં ગત વર્ષે વરસાદ દરમિયાન ત્રણ દિવસ સુધી ઘરોમાં પાણી ભરાયાની સ્થિતિ યાદ અપાવી હતી. આ વર્ષે ચોમાસામાં આવી સ્થિતિ ફરી સર્જાય નહીં તે માટે આગોતરું આયોજન અને પ્રિ-મોન્સુન કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તેમણે તંત્રને સૂચન કર્યું છે. સાથે જ જ્યાં મેટ્રો રેલની કામગીરી ચાલી રહી છે ત્યાં ગટર અને સ્ટોર્મ લાઈનની તપાસ કરી જરૂરી રીપેરીંગ તાત્કાલિક કરવા પણ ભલામણ કરવામાં આવી છે. ગત વર્ષે મેટ્રો કામગીરીને કારણે વરસાદી પાણીના નિકાલમાં વિક્ષેપ સર્જાયો હતો અને અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ હતી.

# રૂપિયા 50 લાખની બેંક રોબરીમાં પકડાયેલા શુભમનાં રિમાન્ડ પૂર્ણ

**પોલીસે** પગમાં ગોળી ધરબી દેતાં શુભમ સારવાર તળે સિવિલ હોસ્પિટલમાં છે, ત્યાંથી રજા આપ્યા બાદ તપાસ આગળ ધપશે

સુરત : વરાછાના લંબેહનુમાન રોડ પરની એસબીઆઈમાંથી ગઈ તા. 27મી એપ્રિલે રૂપિયા 50 લાખની લૂંટ કરવાના ગુનામાં પકડાયેલો શુભમ હાલમાં હોસ્પિ.માં હોવાથી તેને રજા અપાયા બાદ તેના વધુ રિમાન્ડ લેવામાં આવશે.

બિહારની એક જેલમાં બેઠાબેઠા ખૂંખાર ગુનેગાર કુંદનકુમાર ઉર્ફે કુંદન ભગતે સુરતમાં બેંક લૂંટવાનું ષડયંત્ર રચ્યું હતું. અલગ અલગ રાજ્યના સાત રીઢા ગુનેગારોને સુરત મોકલી રૂપિયા 50 લાખની લૂંટ કરાવવામાં કુંદન ભગત સફળ રહ્યો હતો. પકડાયેલો શુભમ લૂંટ વખતે બેંકમાં હાજર હતો. પોલીસ તપાસ માટે કીમ વિસ્તારમાં ગઈ ત્યાં છૂપોલી પિસ્તોલમાંથી શુભમે વરાછાના પોઈ વાળા પર ફાયરિંગ કર્યું હતું. વળતા જવાબમાં ક્રાઇમ બ્રાંચની એસીપી મોદીએ પોતાની સર્વીસ પિસ્તોલમાંથી ફાયરિંગ કરી શુભમના પગમાં ગોળી ધરબી દીધી હતી. જેથી તે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં છે. જેનાં રિમાન્ડ પૂર્ણ થયા છે.

આ બાબતે વરાછાના પોઈ એ.આર. વાળાનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે હજુ તપાસ બાકી છે. જેથી તેના વધુ રિમાન્ડની માગણી સાથે તેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. હાલ તે પોલીસ જપ્તા સાથે સારવાર લઈ રહ્યો છે.

# એકસાથે ચાર ફ્લાઈટ આવતાં સુરત એરપોર્ટ પર ટ્રાફિક જામ

**એન્ટ્રી**-એક્ઝિટ પર વાહનોની લાંબી કતારો લાગી



સુરતઃ સુરત એરપોર્ટ ખાતે શુક્રવારે બપોરના સમયે એકસાથે ચાર ડોમેસ્ટિક ફ્લાઈટ આવી પહોંચતાં એરપોર્ટ પર ભારે ટ્રાફિક દબાણ સર્જાયું હતું.

ડ્યૂટી ટર્મિનલ મેનેજર પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર દિલ્હીથી આવતી ફ્લાઈટ બપોરે 2.20 કલાકે પહોંચી હતી, જ્યારે બેંગલુરુથી આવતી બે ફ્લાઈટ અનુક્રમે 2.34 અને 2.45 કલાકે આવી પહોંચી હતી. ત્યારબાદ પુણેથી આવતી ફ્લાઈટ 2.52 કલાકે સુરત એરપોર્ટ પર ઊતરી હતી.

એકસાથે મોટી સંખ્યામાં મુસાફરો બહાર આવતા એરપોર્ટ પાર્કિંગ વિસ્તારમાં વાહનોનો ભારે ઘસારો સર્જાયો હતો. ખાસ કરીને ટોલ બુથ નજીક વાહનોની લાંબી લાઈનો લાગી જતાં ટ્રાફિકની ગતિ ધીમી પડી હતી. એરપોર્ટ તંત્ર દ્વારા એન્ટ્રી અને એક્ઝિટ માટે વધારાની લાઇનો ઊભી કરવામાં આવી હોવા છતાં સ્થિતિ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવામાં મુશ્કેલી પડી હતી.

ટ્રાફિકના દબાણને કારણે અનેક વાહનચાલકોને એરપોર્ટ પર આપવામાં આવતી 9 મિનિટની ફ્રી ડ્રોપ-ઓફ સુવિધાનો લાભ મળી શક્યો નહોતો. લાંબા સમય સુધી લાઈનમાં ઊભા રહેવાને કારણે કેટલાકે વધારાનો પાર્કિંગ ચાર્જ પણ ચૂકવવો પડ્યો હોવાની ફરિયાદો સામે આવી હતી.

## જહાંગીરપુરામાં ફાયરનું સાયરન સાંભળી બાલ્કનીમાં ગયેલું દંપતી ફસાયું

સુરતઃ ફાયર ઓફિસર ધર્મેશ પટેલના જણાવ્યા મુજબ જહાંગીરપુરામાં અંજની રેસિડેન્સીના બિલ્ડિંગના ત્રીજા માળ ઉપર રહેતાં કુલદીપસિહ રાઠોડ અને તેમનાં પત્ની અંકિતાનું મોડી રાત્રે 2:03 કલાકે રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ઘટના મુજબ મોડી રાત્રે ફાયર સ્ટેશનની સાઈરન વાગી હતી, તેથી પતિ-પત્ની બાલ્કનીમાં ગયાં હતાં. બાલ્કનીમાં ડિંગ વિન્ડો હોવીથી પવનને કારણે લોક થઈ ગઈ હતી. બીજી તરફ બેડરૂમનો દરવાજો પણ ઓટોમેટિક લોક સિસ્ટમનો હોવાથી ઘરમાં હાજર સભ્યો પણ તેને ખોલી શક્યા ન હતા. ફાયર બ્રિગેડના જવાનોએ બેડરૂમના દરવાજાને સ્પ્રેડર ટૂલ્સ વડે ખોલી નાંખી પતિ-પત્નીનું સલામત રીતે રેસ્ક્યુ કરી લીધું હતું.

# ખુદ કાકાએ જ સગીર ભત્રીજી સાથે અશ્લીલ અડપલાં કર્યાં

**વિરોધ** કરતા પરિણીતાને ગાળો ભાંડી ધમકી આપતા અઠવા પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધ્યો

સુરત : નાનપુરા વિસ્તારમાં ખુદ કાકાએ જ પોતાની સગીર ભત્રીજી સાથે અડપલાં કર્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે.

નાનપુરા કાદરશાની નાળ વિસ્તારમાં રહેતી એક મધ્યમવર્ગીય મહિલાએ પોતાની સગીર પુત્રી સાથે થયેલા અત્યાચાર મામલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, મહિલાનો દિયર બિલાલ ગની શાહ (રહે. અમીનાવાડી એસ.એમ.સી. શોપિંગ સેન્ટર પાસે, કાદરશાની નાળ) છેલ્લા ૧૫ દિવસથી તેની સગીર ભત્રીજી પર ખરાબ નજર રાખતો હતો. ઘરના જ સભ્ય હોવાના નાતે શરૂઆતમાં કોઈને શંકા ગઈ ન હતી, પરંતુ બિલાલે સંબંધોની તમામ મર્યાદાઓ નેવે મૂકી દીધી હતી. નરાધમ આરોપી બિલાલ અવારનવાર સગીરાને એકલતામાં જોઈ તેને પકડી લેતો હતો અને તેના હોઠ તેમજ શરીરના સંવેદનશીલ ભાગો પર હાથ ફેરવી અશ્લીલ અડપલાં કરતો હતો. ભયભીત બનેલી સગીરાએ અંતે આ અંગે પોતાની માતાને જાણ કરી હતી. પુત્રીની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયેલી માતાએ જ્યારે પરિવારના અન્ય સભ્યોને આ અંગે વાત કરી અને બિલાલને સમજાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે નરાધમ બિલાલ સુધરવાને બદલે ઉશ્કેરાઈ ગયો હતો. પોતાના પાપ પર પસ્તાવો કરવાને બદલે આરોપી બિલાલે પોતાની ભાભી અને પરિવારજનો સાથે ઝઘડો કર્યો હતો. તેણે જાહેરમાં ગંદી ગાળો ભાંડી હતી અને જો આ બાબતે કોઈને જાણ કરશો તો જોઈ લેવાની ધમકી પણ આપી હતી. આરોપીના સતત વધતા ત્રાસ અને પુત્રીની સુરક્ષાને ધ્યાને રાખી, મહિલાએ મક્કમતા બતાવી કાયદાનો આશરો લેવાનું નક્કી કર્યું હતું. ઘટનાની ગંભીરતાને જોતા અઠવાલાઈન્સ પોલીસે તાત્કાલિક અસરથી આરોપી બિલાલ ગની શાહ વિરુદ્ધ છેડતી તેમજ સગીર વયની બાળકી સાથેના શારીરિક અત્યાચાર બદલ 'પોક્સો'એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ફિટકારની લાગણી વરસી રહી છે.

# મોટા વરાછામાંથી કુટણખાનું પકડાયું, હોટલ માલિક સહિત પાંચ પકડાયા

**૬૬' કોડ** ધરાવતા વિદેશી નંબરવાળી 'મોના' નામની દલાલ સ્ત્રી મારફતે થાઈલેન્ડની યુવતીઓ બોલાવાતી હતી

સુરતઃ ઉત્રાણ પોલીસના પી.એસ.આઈ. ડી.પી. પાંભર તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે મોટા વરાછા સુદામા ચોક પાસે તુલસી આર્કેડ બિલ્ડિંગના બેઝમેન્ટ પાર્કિંગમાં આવેલી "સીટી પેલેસ" હોટલમાં કુટણખાનું ચલાવવામાં આવે છે. બાતમીના આધારે પંચોની હાજરીમાં પોલીસે રેઈડ ગોઠવી હતી.

પોલીસ ટીમ હોટલ ખાતે પહોંચતા મુખ્ય દરવાજો અંદરથી બંધ હાલતમાં હતો. દરોડા દરમિયાન રિસેપ્શન પર બેઠેલા દિક્ષીત દેવરાજભાઈ ગોહિલને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે તેની પાસેથી મોબાઈલ ફોન કબ્જે કર્યા હતા. પૂછપરછમાં દિક્ષીતે પોતે હોટલમાં મેનેજર તરીકે કામ કરતો હોવાનું અને ગ્રાહકો પાસેથી રૂપિયા 2500 થી 3000 લઈ રૂમમાં મોકલતો હોવાનું કબૂલ્યું હતું. સ્થળ પરથી બે ગ્રાહકો પણ ઝડપાયા હતા. હોટલના રૂમોની તપાસ દરમિયાન રૂમ નં.109 અને 110માંથી થાઈલેન્ડની બે મહિલાઓ મળી આવી હતી. મહિલાઓએ પૂછપરછમાં જણાવ્યું હતું કે "મોના" નામની મહિલા મારફતે તેઓ હોટલમાં આવતા હતા. પોલીસે રીઢા હોટેલ માલિક મેનેજર અને ગ્રાહક સહિત 5 વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે. જ્યારે દલાલ મોનાને વોન્ટેડ જાહેર કરી છે.

**કોણ કોણ પકડાયા? , કોણ વોન્ટેડ?**

» હોટેલ માલિક : જોનીલ ઉર્ફે જે.ડી. દિલીપભાઈ કેવડીયા (ઉંમરઃ ૨૪, રહે. મહાવીર સોસાયટી, શ્યામધામ, નાના વરાછા ભાવનગર) » મેનેજર : દિક્ષીત દેવરાજભાઇ ગોહિલ (ઉં ૨૨, રહે.સિધ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ, જુના કોસાડ રોડ, અમરોલી) » હેલ્પર : કૌશિક રાજુભાઇ મકવાણા (ઉં ૧૯, રહે. સીટી પેલેસ હોટલ, તુલસી આર્કેડના બેઝમેન્ટ પાર્કિંગમાં, મોટા વરાછા, ભાવનગર) » ગ્રાહક : રોહિત ખીમજીભાઇ મેંદપરા (ઉં ૩૪, વેપાર, વીઝા કન્સલ્ટ, રહે. મિલન હાઇટ્સ, મોટા વરાછા, ભાવનગર) » ગ્રાહક : નિકુલ બાબુભાઈ સભાડીયા (ઉં ૩૦, વેપાર, ટેક્સટાઈલ, રહે. મંગલદીપ સોસાયટી, કાપોદ્રા) » મોના (દલાલ): હાલ વોન્ટેડ છે

## સંક્ષિપ્ત સમાચાર

### ધી રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓનો CBSEમાં ધો.12માં ડંકો



સુરતઃ CBSEમાં ધોરણ 12 સાયન્સ અને કોમર્સના પરિણામમાં ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલે A1માં 23 અને A2 માં 40 વિદ્યાર્થી સાથે 100% પરિણામ તેમજ 101 વિદ્યાર્થીના 75% કરતાં વધારે પરિણામ સાથે સફળતાનો ડંકો વગાડયો છે. શાળાના વાઈસ ચેરમેન જીગ્નેશભાઈ માંગુકિયા અને મેનેજિંગ ટ્રસ્ટી કિશનભાઈ માંગુકિયાએ વિદ્યાર્થીઓની સાથે શાળાના ડાઇરેક્ટર આશિષભાઈ વાઘાણી , સીબીએસસી બોર્ડ ના આચાર્ય તૃષાર પરમાર ને "શાળાની અને શિક્ષકો ની જ્વલંત સફળતા"માટે ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

### નંદુબા ઇંગ્લિશ એકેડેમીનું ધોરણ-12 સાયન્સ અને કોમર્સનું 100 ટકા પરિણામ



સુરતઃ શહેરના અલથાણ વિસ્તારમાં આવેલી ડી.સી પટેલ અને સી.બી પટેલ ગ્રુપ સંચાલિત નંદુબા ઈંગલિશ એકેડેમી નું ધોરણ 12 સાયન્સ અને કોમર્સ પ્રવાહ નું પરીણામ 100 ટકા આવ્યું છે. નંદુબા ઈંગલિશ એકેડમી ના સાયન્સ પ્રવાહ માં A1 ગ્રેડ માં 3 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ માં 5 વિદ્યાર્થીઓ આવ્યા છે. કોમર્સ પ્રવાહ માં A1 ગ્રેડ માં 1 વિદ્યાર્થી અને A2 ગ્રેડ માં 5 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ તમામ પાસ થયેલા વિદ્યાર્થીઓને શાળા ના પ્રેસિડેન્ટ પંકજભાઈ ગિજુભાઈ પટેલ અને શાળા પ્રિન્સિપાલ ડો. મોનીકા શર્મા એ મોઢું મીઠુ કરાવી શુભેચ્છા પાઠવી હતી.

### સ્વસ્તિક એજ્યુકેશનના ટોપ-10માં 31 વિદ્યાર્થીઓ, 95ના 100માંથી 100




સુરતઃ સુરતની સ્વાસ્તિક એજ્યુકેશનએ CBSE ધોરણ 12 બોર્ડ પરીક્ષા 2025-26માં ઉત્કૃષ્ટ પરિણામો મેળવી શહેરમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. સંસ્થાના 31 વિદ્યાર્થીઓએ સુરત ટોપ-10માં સ્થાન મેળવ્યું છે. કોમર્સ સ્ટ્રીમમાં હર્ષિત કસાટ અને હિમાક્ષી કેડિયાએ 98.8 ટકા સાથે સુરતમાં બીજો ક્રમાંક મેળવ્યો. કુલ 97 વિદ્યાર્થીઓએ 95 ટકા કરતાં વધુ અને 222 વિદ્યાર્થીઓએ 90 ટકા કરતાં વધુ ગુણ મેળવ્યા છે. વિવિધ વિષયોમાં કુલ 95 વિદ્યાર્થીઓએ 100માંથી 100 ગુણ મેળવી વિશેષ સિદ્ધિ નોંધાવી છે. જેમાં એકાઉન્ટન્સીમાં 58 અને બિઝનેસ સ્ટડીઝમાં 32 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. સાયન્સ સ્ટ્રીમમાં રણબીર સિંહ ચૌહાણે 94.2 ટકા સાથે ટોચનું સ્થાન મેળવ્યું। સંસ્થાના સંચાલકો મુજબ આ સફળતા કોન્સેપ્ટ આધારિત શિક્ષણ અને સતત માર્ગદર્શનનું પરિણામ છે.

### બેંક ઓફ બરોડાની સુરતની પ્રથમ ફિઝિકલ શાખાનું ઉદઘાટન



સુરતઃ બેંક ઓફ બરોડાએ આજે સુરત શહેરમાં તેની અત્યા ધુનિક ફિઝિકલ શાખા VIP રોડનું બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરે ક્ટ ર લલિત ત્યાગી દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લલિત ત્યાગીએ જણાવ્યું હતું કે, સુરત ક્ષેત્રમાં ખોલવામાં આવેલી આ પહેલી આવી ફિઝિકલ શાખા છે. નવી ફિઝિકલ શાખા ગ્રાહકોને સ્વચાલિત બેંકિંગ, ડિજિટલ એકાઉન્ટ ખોલવા, પાસબુક અપડેટ કરવા, રોકડ જમા અને ઉપાડ અને વધુ સુવિધાઓ પ્રદાન કરશે. વધુમાં, બેંકના વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ, ADI, અને વર્ચ્યુઅલ રિલેશનશિપ મેનેજર, AdITI, ગ્રાહકોને 24x7 બેંકિંગ સપોર્ટ પૂરો પાડશે. ઉદ્ઘાટન સમારોહમાં બેંકના જીએમ અને ઝોનલ હેડ કે.કે. સિંઘ, ડેપ્યુટી જનરલ મેનેજર (કમ્પ્લાયન્સ એન્ડ એશ્યોરન્સ), નિર્મલ પટેલ, ડેપ્યુટી જનરલ મેનેજર (બિઝનેસ ડેવલપમેન્ટ), ભરતકુમાર ચાવડા, ડેપ્યુટી જનરલ મેનેજર જગજીત કુમાર, ડેપ્યુટી જનરલ મેનેજર અને રિજનલ હેડ, સુરત સિટી રીજન, મુકેશ નવલ, અને શશી કુમાર સિંઘ, બ્રાન્ચ મેનેજર, અન્ય વરિષ્ઠ બેંક અધિકારીઓ, સ્થાનિક મહાનુભાવો અને મોટી સંખ્યામાં ગ્રાહકો હાજર રહ્યા હતા.

### બેંક ઓફ બરોડાની સુરત ઝોનલ ઓફિસનું ઉદઘાટન



સુરતઃ ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક, બેંક ઓફ બરોડાએ આજે સુરત શહેરમાં તેની સુરત ઝોનલ ઓફિસનું ઉદ્ઘાટન કર્યું. આ ઉદ્ઘાટન બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર લલિત ત્યાગી દ્વારા કરવામાં આવ્યું હતું. સુરત ઝોનલ ઓફિસના ઉદ્ઘાટન સમારોહમાં બેંક ઓફ બરોડા સુરત ઝોનના જનરલ મેનેજર અને ઝોનલ હેડ કે.કે. સિંઘ, ડેપ્યુટી જનરલ મેનેજર (કમ્પ્લાયન્સ એન્ડ એશ્યોરન્સ), નિર્મલ પટેલ, ડેપ્યુટી જનરલ મેનેજર (બિઝનેસ ડેવલપમેન્ટ), ભરતકુમાર ચાવડા, ડેપ્યુટી જનરલ મેનેજર (ZIAD), જગજીત કુમાર, ડેપ્યુટી જનરલ મેનેજર અને રિજનલ હેડ, સુરત સિટી રીજન, મુકેશ નવલ, ડેપ્યુટી જનરલ મેનેજર અને રિજનલ હેડ, સુરત II સિટી રીજન, રાજેશ કુલવાણી, સહિત અન્ય વરિષ્ઠ બેંક અધિકારીઓ અને સ્થાનિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### સુરતમાં 'ઉમા શૈક્ષણિક ધામ' ના નિર્માણાર્થે ભાગવત સપ્તાહનું આયોજન

સુરતઃ શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ-સુરત દ્વારા ઉમા શૈક્ષણિક ધામના નિર્માણ સહયોગ હેતુ આગામી મે માસમાં ભવ્ય 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ' જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવ પવિત્ર પુરુષોત્તમ જેઠ માસમાં તા.17 મે થી 23 મે, 2026 દરમિયાન યોજાશે. કથાનું રસપાન પ્રખ્યાત કથાકાર દીપાલી દીદી દ્વારા રાત્રે 8થી 11:30 કલાકે કરાવવામાં આવશે. આ પ્રસંગે તા.17 મેના રોજ સવારે 7:30 કલાકે ભવ્ય પોથી યાત્રા નીકળશે, જેમાં મુખ્ય પોથી યજમાન તરીકે પાલડીના જશવંતભાઈ મોહનભાઈ પટેલ સેવા આપશે. કથા દરમિયાન કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ અને રુક્ષ્મણી વિવાહ જેવા પાવન પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે. કથાનું સ્થળ ડી.બી. પટેલ ગ્રાઉન્ડ, સંગીની સર્કલ પાસે, ભીમરાડ રોડ, સુરત ખાતે રાખવામાં આવ્યું છે. આ આયોજન દ્વારા એકત્રિત થનાર સહયોગનો ઉપયોગ બાળકોના સર્વાંગી વિકાસ માટે બનનારા શૈક્ષણિક ધામમાં કરવામાં આવશે.